# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



### બોરસદના મહીકાંઠામાં એશિયાની અનોખી સહકારી ખેતી પદ્ધતિ ધરાવતી મંડળીમાં 20 વેપારીઓની હાજરીમાં હરાજી પૂર્ણ

# ભાઠાની તમાકુના ભાવ ગગડ્યા : ₹ 233નો ઘટાડો

**મહત્તમ ભાવ 4019** પ્રતિ મણ અને લઘુત્તમ ભાવ 3204 પ્રતિ મણ જાહેર કરાયો

**મહીસાગર નદીના** પટ્ટમાં આવેલી અંદાજે 500 એકર જમીનમાં મુખ્યત્વે તમાકુનો પાક ઉગાડવામાં આવે છે

(પ્રતિનિધિ) આણંદ તા 26

આણંદ જિલ્લાના મહીસાગર નદીના પટ્ટમાં આવેલી ગંભીરા સામુદાયિક ભાઠા ખેતી મંડળીમાં આ વર્ષે યોજાયેલી તમાકુની જાહેર હરાજી ખેડૂતો માટે મિશ્ર પરિણામો લઈને આવી છે. ગત વર્ષે ઐતિહાસિક 4252 રૂપિયા પ્રતિ મણનો ભાવ મળ્યા બાદ આ વર્ષે ભાવમાં ઘટાડો નોંધાતા ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે.

ચાલુ વર્ષની હરાજીમાં વધુમાં વધુ 4019 રૂપિયા અને ઓછામાં ઓછો 3204 રૂપિયા પ્રતિ મણનો ભાવ જાહેર થયો છે. આ પ્રમાણે ગત વર્ષની સરખામણીએ 233 રૂપિયા પ્રતિ મણ ઓછો ભાવ મળ્યો છે. આ હરાજીમાં કુલ 20 વેપારીઓએ ભાગ લીધો હતો અને જાહેર ટેન્ડર પ્રક્રિયા દ્વારા ભાવ નક્કી કરવામાં આવ્યા હતા.



ગંભીરા ભાઠા મંડળી એશિયામાં સહકારી ધોરણે કાર્યરત એક અનોખી ખેતી પ્રણાલી ધરાવતી સંસ્થા તરીકે ઓળખાય છે. વર્ષ 1953થી શરૂ થયેલી આ પદ્ધતિ હેઠળ ગંભીરા, કોઠિયાખડ, બીલપાડ અને નાની શેરડી સહિત ચાર ગામના લગભગ 290 ખેડૂતો સંયુક્ત રીતે ખેતી કરે છે. મહીસાગર નદીના પટ્ટમાં આવેલી અંદાજે 500 એકર જમીનમાં મુખ્યત્વે તમાકુનો પાક ઉગાડવામાં આવે છે.

મંડળીના પ્રમુખ દિપક પટેલના જણાવ્યા મુજબ, છેલ્લા કેટલાક વર્ષોથી પૂરના કારણે ખેડૂતોને ભારે નુકસાન સહન કરવું પડે છે. નદીમાં આવતી પૂર પરિસ્થિતિને કારણે પાકને નુકસાન થતું હોવા છતાં ખેડૂતો સહકારથી ખેતી ચાલુ રાખે છે. આ વર્ષે ઉત્પાદન સામાન્ય રહ્યું છે, પરંતુ ભાવમાં ઘટાડો નોંધાતા ખેડૂતોમાં નિરાશા ફેલાઈ છે.



ચરોતર વિસ્તાર તમાકુના ઉત્પાદન માટે રાજ્યભરમાં જાણીતો છે. અહીંનું તમાકુ ખાસ કરીને બીડી અને ખૈની માટે ઉપયોગમાં લેવાતું હોવાથી રાજ્ય બહાર પણ તેની મોટી માંગ રહે છે. ગંભીરા ભાઠા મંડળીમાં જાહેર થતા ભાવોને આધારે જ સમગ્ર ચરોતર વિસ્તારમાં તમાકુના બજાર ભાવ નક્કી થવાની પરંપરા છે.

વેપારીઓના અનુમાન મુજબ આ વર્ષે સ્થાનિક બજારમાં પણ તમાકુના ભાવ ગત વર્ષની સરખામણીએ નીચા રહેવાની શક્યતા છે. આ પરિસ્થિતિ ખેડૂતો માટે પડકારરૂપ બની શકે છે, ખાસ કરીને ત્યારે જ્યારે ખેતી ખર્ચમાં વધારો થયો હોય.

તેમ છતાં, સહકારી માળખા હેઠળ કામ કરતી આ મંડળી ખેડૂતો માટે આશાનું કેન્દ્ર બની રહી છે. અહીં ખેડૂતોએ એકતા અને સંકલનથી ખેતી કરીને મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ આગળ વધવાનો પ્રયાસ કર્યો છે.

આણંદ - ખેડા જિલ્લા માટે તમાકુની ખેતી મોટા પાયે થાય છે. આ વર્ષે ભાઠા વિસ્તારની તમાકુના ભાવમાં મણે 233નો ઘટાડો થતાં આણંદ- ખેડા જિલ્લાના અન્ય વિસ્તારના તમાકુના ભાવમાં અસર થાય તેવી શક્યતા જોવાઈ રહી છે.

#### છેલ્લા દશ વર્ષમાં ભાવમાં ઉતાર-ચઢાવ


**2014-15** મણનો ભાવ - 1822 /- વાર્ષિક ઉતારો 12500 મણ
**2015-16** મણનો ભાવ - 2600 /- વાર્ષિક ઉતારો 20700 મણ
**2016-17** મણનો ભાવ - 2500 /- વાર્ષિક ઉતારો 19800 મણ
**2017-18** મણનો ભાવ - 1629 /- વાર્ષિક ઉતારો 19000 મણ
**2018-19** મણનો ભાવ - 2250 /- વાર્ષિક ઉતારો 16000 મણ
**2019-20** મણનો ભાવ - 2100 /- વાર્ષિક ઉતારો 15000 મણ
**2020-21** મણનો ભાવ - 2580 /- વાર્ષિક ઉતારો 16000 મણ
**2021-22** મણનો ભાવ - 3429 /- વાર્ષિક ઉતારો 16000 મણ
**2022-23** મણનો ભાવ -3510 /- વાર્ષિક ઉતારો 15900 મણ
**2023-24** મણનો ભાવ -3331 /- વાર્ષિક ઉતારો.14000 મણ
**2024-25** મણનો ભાવ 4252 /- વાર્ષિક ઉતારો.12900 મણ

# આણંદના જીટોડીયા પાસે કાર ટક્કરે બાઈક સવાર બે મિત્રના કમકમાટીભર્યા મોત થયાં

**આણંદ - બોરસદ રોડ** પર મધરાતે સર્જાયેલા અકસ્માતમાં કારે પાછળથી બાઇકને ટક્કર મારી

(પ્રતિનિધિ) આણંદ તા.26

આણંદ - બોરસદ રોડ પર જીટોડીયા ગામમાં હરિકૃષ્ણ ટાઉનશીપ પાસે પુરપાટ ઝડપે જતી કારે આગળ જતી બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર સાથે સર્જાયેલા અકસ્માતમાં ઢુંઢાકુવાના 2 યુવકના સ્થળ પર જ કરુણ મોત નિપજ્યાં હતાં. આ અંગે આણંદ ગ્રામ્ય પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધ્યો હતો.





બોરસદના ઢુંઢાકુવામાં રહેતા ભરત કાંતિભાઈ પરમારનો નાનો ભાઈ પ્રવિણ કાંતિભાઈ પરમાર (ઉ.વ.37) આણંદની ગંજ બજારમાં છુટક મજુરી કામ કરતાં હતાં. દરમિયાનમાં પ્રવિણભાઈ 25મી માર્ચના રોજ સવારના બાઈક લઈને આણંદ કામ પર નિકળ્યાં હતાં. પરંતુ મોડી રાત સુધી પરત આવ્યાં નહતાં. આથી, ચિંતિત પ્રવિણના પત્ની શિતલબહેને મોડી રાતે પ્રવિણના મિત્ર ધર્મેન્દ્રભાઈને ફોન કર્યો હતો. જોકે, આ ફોન અજાણ્યા શખસે ઉપાડ્યો હતો અને જીટોડીયા પાસે અકસ્માત થયો હોવાનું જણાવ્યું હતું.

આ અંગે તાત્કાલિક ભરતભાઈને કહેતા તેઓ તુરંત જીટોડીયા ખાતે અકસ્માત સ્થળે દોડી આવ્યાં હતાં. તે વખતે 108 એમ્બ્યુલન્સ અને પોલીસ હાજર હતાં. જ્યારે જીટોડીયાની હરિકૃષ્ણ ટાઉનશીપના ગેટ પાસે પ્રવિણ અને તેનો મિત્ર ધર્મેશ ગીરીશભાઈ પટેલ (ઉ.વ.37) લોહી લુહાણ હાલતમાં પડ્યાં હતાં. આ બન્ને મિત્રોને ગંભીર ઈજા પહોંચી હતી અને સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. આ અંગે આસપાસમાં તપાસ કરતાં એક એક્સયુવી કાર જીજે 3 એચઆર 3894 પડી હતી. જેની એરબેગ ખુલી ગઈ હતી. આ અંગે પુછતાં પ્રવિણ અને ધર્મેન્દ્ર બાઈક પર જીટોડીયાથી બોરસદ તરફ જતા હતાં તે વખતે બારેક વાગ્યાના સુમારે પુરપાટ ઝડપે ધસી આવેલા એક્સયુવીના ચાલકની બેદરકારીથી બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. જેના કારણે બાઈક સવાર બન્ને ફંગોળાઈને રસ્તાની બાજુમાં પટકાયાં હતાં અને સ્થળ પર જ મૃત્યુ પામ્યાં હતાં.

આ અકસ્માતમાં મેહુલ મનુભાઈ પરમાર (રહે. મોચીકુઈ સીમ, કરમસદ)ને પણ ગંભીર ઈજા પહોંચી હતી. જેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ અંગે આણંદ ગ્રામ્ય પોલીસે ભરતભાઈ પરમારની ફરિયાદ આધારે કાર ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

#### લાઇટનું કામ કરવા ગયેલો યુવક ઘવાયો

આણંદના જીટોડીયા રોડ પર એક્સયુવી કારે સર્જેલા અકસ્માતમાં મેહુલ મનુભાઈ પરમાર (રહે.કરમસદ) પણ ઇજાગ્રસ્ત થયાં હતાં. તેમની પુછપરછમાં જણાવ્યું હતું કે, તે લાઇટના કામ માટે ત્યાં આવ્યો હતો. દરમિયાનમાં અકસ્માત સર્જાયો હતો. જેમાં કોઇ વસ્તુ અથડાતાં છાતીમાં પાંસળીઓ ભાંગી ગઇ હતી.

# નડિયાદના બિલોદરા પાસે દારૂભરેલીફોર્ચ્યુનરઝડપાઈ

**બુટલેગરોએ પોલીસથી** બચવા યાસ્મીનનું નામ વટાવતા તર્કવિતર્ક

(પ્રતિનિધિ) નડિયાદ તા.26

નડિયાદ રૂરલ પોલીસ મથકની હદમાં બિલોદરા જેલ પાસે સ્ટેટ મોનીટરીંગ સેલે ફિલ્મી ઢબે પીછો કરીને લાખોની કિંમતનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. આ ગુનામાં નોંધાયેલી ફરિયાદમાં 'યાસ્મીનની લાઈન' ચાલતી હોવાનો ગંભીર ઉલ્લેખ કરવામાં આવતા પોલીસ વિભાગમાં અંદરોઅંદર ગણગણાટ શરૂ થયો છે.

નડિયાદ રૂરલ પોલીસ મથકની હદમાં બિલોદરા જેલ પાસે સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડા દરમિયાન જ્યારે શંકાસ્પદ ફોર્ચ્યુનર કારનો પીછો કરવામાં આવી રહ્યો હતો, ત્યારે કારમાં સવાર શખ્સોએ પોતાના આકાઓને ફોન કર્યો હતો. સામે પક્ષેથી એવી સૂચના આપવામાં આવી હતી કે 'જો ગાડી ઉભી રખાવે તો યાસ્મીનભાઈની લાઈનની ગાડી છે તેવું કહી દેવું.' બુટલેગરોની આ કબૂલાત સીધી રીતે પોલીસના ચોપડે ચડી ગઈ છે, જેનાથી સવાલ ઉભો થાય છે કે શું આખા જિલ્લામાં દારૂના વહન માટે કોઈ સુરક્ષિત લાઈન ચાલી રહી છે ?

આ કાર્યવાહીમાં પકડાયેલા આરોપીઓએ કબૂલાત કરી છે કે તેઓ વાતચીત માટે 'ઝંગી' એપ્લિકેશનનો ઉપયોગ કરતા હતા, જે દર્શાવે છે કે આ નેટવર્ક ઘણું ઊંડું છે. આટલી મોટી માત્રામાં દારૂ ભરેલી ગાડી પાયલોટિંગ સાથે પસાર થતી હોય અને સ્થાનિક પોલીસને તેની જાણ ન હોય તે વાત ગળે ઉતરતી નથી.

# ખંભાતનું માર્કેટ યાર્ડ પહેલી એપ્રિલ સુધી બંધ રાખતા રોષ

**ખેડૂતોને પોતાના** ખેતીપાકોનું વેચાણ કરવા પાંચ છ દિવસ રાહ જોવાની નોબત

(પ્રતિનિધિ) ખંભાત તા 26

ખંભાતનું માર્કેટ યાર્ડ એક સપ્તાહ સુધી બંધ રાખવાના એપીએમસીના વહીવટકર્તાઓના નિર્ણયથી ખેડૂતોને પોતાના ખેતીપાકનું વેચાણ કરવા માટે એક સપ્તાહના લાંબા ધ સમયગાળાનો થોભો અને રાહ જોવાની નોબત આવી છે. રવિ સિઝનમાં ઘઉં, ચણા અને રાયડાના ખેતીપાકનું વેચાણ કરવા માટે આણંદ જિલ્લામાં ખંભાત એપીએમસી પ્રથમ નંબરે આવે છે. અને બીજા નંબરે તારાપુર એપીએમસી આવે છે. હાલમાં બંને બજાર સમિતિમાં ઘઉં ચણા ઉપરાંત બાજરી, ડાંગર, રાજગરો રાયડાની ધૂમ આવક થઈ રહી છે. વગેરેની આવક પણ સારા પ્રમાણમાં થઈ રહી છે. ખંભાત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિત દ્વારા માર્કેટ યાર્ડને તા. 26 માર્ચથી 2એપ્રિલ સુધી બંધ રાખવાનો નિર્ણય લેવાતા ખેડૂતોને પોતાના ખેતીપાકોનું વેચાણ કરવા માટે એક સપ્તાહના લાંબા સમયની રાહ જોવાની નોબત આવી છે.

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખંભાત દ્વારા બજાર સમિતિના બ્લેક બોર્ડ ઉપર લખેલી સૂચના મુજબ હિસાબી માર્ચ માસના કારણે તા. 26માર્ચથી 1 એપ્રિલ સુધી ખંભાત માર્કેટ યાર્ડનું સંપૂર્ણ કામકાજ બંધ રહેશે. અને તા. 2 એપ્રિલથી માર્કેટ યાર્ડનું કામકાજ રાબેતા મુજબ ચાલુ થશે. આમ ખંભાત માર્કેટ યાર્ડ એમ સપ્તાહ સુધી સદંતર બંધ રહેશે. જેના કારણે હાલની ઘઉં ચણા અને રાયડાની સિઝનમાં ખેડૂતોને પોતાના ખેતીપાકોનું વેચાણ કરવા માટે થોભી જવાની નોબત આવી છે.

#### જાહેર રજા હોવાથી માર્કેટ યાર્ડ બંધ રખાયું

ખંભાત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સેક્રેટરીએ આ અંગે જણાવ્યું હતું કે, ખેડૂતોને પોતાના ખેતી પાકોના વેચાણ કરવામાં તકલીફ પડશે પણ 26, 28 અને 31મી એ જાહેર રજાઓ આવતી હોય તા.26 માર્ચથી તા.1 એપ્રિલ સુધી માર્કેટ યાર્ડ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

### પેટલાદ શહેરમાં હાલના કેબીન ધારકોમાંથી સાચા નિરાશ્રીતો ગાયબ

# પેટલાદમાંનિરાશ્રીતોનાઓઠાહેઠળ ખોટા લાભાર્થીઓને લાભ અપાયા !

**વૈકલ્પિક જગ્યા નથી** મળી એમનો શું વાંક ?

(પ્રતિનિધિ) પેટલાદ તા.26

પેટલાદમાં સ્ટેશન રોડ સ્થિત પોલીસ લાઈન બહાર દબાણકારોને કેબીનોની જગ્યાએ પાકી દુકાનો બનાવવા સરકારી જમીન ફાળવી હતી. જેના ઉપર પાલિકામાંથી બાંધકામની કોઈપણ પરવાનગી લીધા સિવાય કામ ચાલુ છે. આ કેબીન ધારકોને પાકી દુકાનો આપવા માટે નેતાઓ અને અધિકારીઓએ એડી ચોટીનું જોર લગાવી દીધું છે. પરંતુ લાભાર્થીઓની યાદીમાંથી સાચા નિરાશ્રીતો જ ગાયબ હોવાનું જાણવા મળે છે.

પેટલાદ શહેરમાં આઝાદી સમયે પાકિસ્તાનથી આવેલા 29 જેટલા નિરાશ્રિતોને સ્ટેશન રોડ ઉપર રોજગાર અર્થે જગ્યા ફાળવી હતી. જેની ઉપર લાકડાંના કેબીનો મૂકી નિરાશ્રિતો નાનો મોટો ધંધો કરતા હતા. વર્ષ 1951 થી 1956 સુધીમાં અહીંયા 29 જેટલા નિરાશ્રિતો હતા. સમય જતાં વર્ષ 2011 સુધીમાં 29 કેબીનો હતા, પરંતુ 15 જેટલા કેબીનો અન્યના નામે પાલિકામાં તબદીલ થઈ ગયા હતા. આ ઉપરાંત વર્ષ 2026 સુધીમાં તો મોટા ભાગના કેબીનો નામફેર થવા સાથે 29 ના બદલે વધીને 36 થઈ ગયા હતા. આમ છતાં પાલિકાએ આ દિશામાં કોઈ જ તપાસ કે કાર્યવાહી કરી નહીં હોવાનું જાણવા મળે છે. આ સ્થિતીમાં છેલ્લા કેટલાક વર્ષોથી 36 કેબીન ધારકો નગર પાલિકા અને પોલીસ આવાસ નિગમ પાસે જગ્યાની માંગણી કરતા હતા. પરંતુ આ પ્રશ્ને કોઈ જ ઉકેલ આવતો ન હતો. આવામાં પેટલાદના ધારાસભ્ય કમલેશ પટેલ રાજ્ય કક્ષાના મંત્રી બનતા આ કાર્યવાહી ઝડપથી આગળ વધી રહી હતી. જેમાં પાલિકાના પૂર્વ પ્રમુખ જિજ્ઞેશ જોષી અને ચીફ ઓફીસર કૃણાલ પટેલની રજુઆતના આધારે પોલીસ આવાસ નિગમે જમીન ફાળવી હતી. પરંતુ 70 વર્ષ સુધી નિરાશ્રિત ગણાવતા કેબીન ધારકો ખરેખર સાચા લાભાર્થી છે કે કેમ ? તે તપાસનો વિષય બન્યો છે.

#### મૂળ નિર્વાસીત કબજેદાર

ગંગારામ પંજાબી, ટોપનદાસ બી. પંજાબી, અમુલખરાય શામુમલ, કેશવચંદ બુધ્ધુરામ પંજાબી, રામાજીદાસા લધ્ધારામ પંજાબી, રામજીદાસ ચરણદાસ પંજાબી, ટીકામરામજાનીરામ પંજાબી, રામજીદાસ ચણદાસ પંજાબી, નમોહરલાલ કનૈયાલાલ પંજાબી, મનોહરલાલ કનૈયાલાલ પંજાબી, જેઠાનંદ હેમરાજમલ, રામજીદાસ શીવદત્તામલ પંજાબી, પમનદાસ ખાટુમલ સિંધી, આલાભાઈ નથ્થુભાઈ, ટીકારામ પંજાબી, તોલારામ ચુવરમલ, રમેશચંદ્ર બરક્તરામ નારંગ, ચીમનદાસ મેઘરાજમલ પંજાબી, ખાનદાસ ત્રિકમદાસ, લક્ષ્મીદાસ પંજાબી, સોમાભાઈ આશાભાઈ, તેલુમલ આલુમ, રામદત્તામલ ઉષ્ણકરામ, સુંદરલાલ બલ્લારામ પંજાબી, ખટુમલ રામજીદાસ પંજાબી, દેશરાજ નંદલાલ પંજાબી, રામપ્રસાદ ચીમનલાલ પંજાબી

#### વર્ષ 2011ના કબજેદાર મુજબ

શીલાબેન જગન્નાથ ભાટીયા, ટોપનદાસ બી. પંજાબી, રામદાસ પીરાદત્તામલ, કેશવનંદ બુધ્ધુરામ પંજાબી, રામાજીદાસ લધ્ધારામ પંજાબી, હંસરાજ બી. પંજાબી, ટીકારામજાનીરામ પંજાબી, ગોરધનદાસ મુંજાણી, નમોહરલાલ મતવાલચંદ પંજાબી, જીવતમલ ભુગડોમલ સિંધી, જીવતમલ ભુગડોમલ સિંધી, પ્રવિણભાઈ ગોરધનભાઈ મુંજાણી, જીવનદાસ ભવાનીદાસ, રામજીદાસ શીવદત્તામલ પંજાબી, પમનદાસ ખાટુમલ સિંધી, ભગવાનદાસ મંગુરામ, ટીકારામ પંજાબી, તોલારામ ચુવરમલ, રમેશચંદ્ર બરક્તરામ નારંગ, રમેશચંદ્ર અંબાલાલ પટેલ, દિવ્યાંગ ભુપેન્દ્રભાઈ નારંગ, લક્ષ્મીદાસ પંજાબી, કાંતીલાલ ધનજીભાઈ મેંગર, તોલારામ યુવરમલ પંજાબી, અશોકકુમાર ભગવાનદાસ પંજાબી, સુંદરલાલ બલ્લારામ પંજાબી, રામજીદાસ ટીકારામ પંજાબી, દેશરાજ નંદલાલ પંજાબી, રામપ્રસાદ ચીમનલાલ પંજાબી

#### વર્ષ 2026માં વધીને 36 થઇ ગયાં

હરીશ કલ્યાણજી લખવાણી, રામદાસ પીરાદત્તામલ પંજાબી, ભવિષ ભગવાનદાસ ભાટીયા, અનિલભાઈ રમેશચંદ્ર નારંગ, વિમલભાઈ રમેશચંદ્ર નારંગ, જગદિશભાઈ ખેમચંદ સિંધી, પમનદાસ ઠાકુમલ સિંધી, કિશનલાલ રામજીદાસ ખુરાના, દેવકીનંદન રામદત્તામલ ખુરાના, દિલીપભાઈ ધનશ્યામદાસ પદવાણી, કિશનકુમાર પમનદાસ ભાવનાની, પદમકુમાર પમનદાસ ભાવનાની, જ્યોતીબેન પમનદાસ ભાવનાની, વિજયકુમાર પમનદાસ ભાવનાની, કાંતીભાઈ ધનજીભાઈ મેંગર (હ) દયાલભાઈ હારુમલ સિંધી, નરેન્દ્રભાઈ ગોવિંદપ્રકાશ ભાટીયા, મિલનભાઈ પરભુભાઈ પારેખ, આશ્રયકુમાર કંવલકુમાર ભાટીયા, ભરતભાઈ ખેમચંદ સિંધી, ગોવિંદપ્રકાશ મતવાલચંદ ભાટીયા, શીલાબેન જગન્નાથભાઈ ભાટીયા, પ્રવિણભાઈ પુનમભાઈ ભાટીયા, અશોકભાઈ ટોપનદાસ ભાટીયા, સુંદરલાલ જીવનદાસ પંજાબી, રમેશભાઈ બ્રિજરાજભાઈ પંજાબી, કેશવલાલ બુધ્ધિરામ પંજાબી, જીવતમલ ભુગડોમલ સિંધી, જન્મજય દિપકભાઈ મુંજાણી, રાજકુમાર રામજીદાસ ખુરાના, મહેશભાઈ હંસરાજભાઈ પંજાબી, વિજયભાઈ ગોરધનભાઈ મુંજાણી, હંસરાજભાઈ ભોજારામ પંજાબી, રવિભાઈ દિનેશભાઈ રાઠોડ, હર્ષદભાઈ રોશનલાલ રાઠોડ, સુંદરલાલ લધ્ધારામ પંજાબી, બાબુભાઈ છગનભાઈ રાઠોડ

# ત્રિભુવન સહકારી યુનિવર્સિટી ખાતે નવા શૈક્ષણિક સંકુલનું ભૂમિપૂજન

**કુલપતિ ડો. જે.એમ.** વ્યાસના હસ્તે ખાતમુહૂર્ત

**સહકારી** ક્ષેત્રના દિગ્ગજોની ઉપસ્થિતિ રહ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.26

આણંદ સ્થિત IRMA કેમ્પસમાં કાર્યરત 'ત્રિભુવન' સહકારી યુનિવર્સિટીના નવા શૈક્ષણિક સંકુલનો ભૂમિપૂજન સમારોહ યોજાયો હતો. યુનિવર્સિટીના કુલપતિ ડો. જે.એમ. વ્યાસ દ્વારા આ મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ પ્રકલ્પનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે IRMA ના ડિરેક્ટર ડો. શાસ્વત નારાયણ બિશ્વાસ, રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (NDDB) ના ચેરમેન ડો. મીનેશ શાહ અને જીસીએમએમએફના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. જયેન મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ નવું સંકુલ યુનિવર્સિટીના શૈક્ષણિક અને સંસ્થાકીય માળખાને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક ભવિષ્યલક્ષી પગલું છે. આ પ્રસંગે સંબોધન કરતા ડો. જે.એમ. વ્યાસે ભાર મૂક્યો હતો કે, ભારતની પ્રથમ સહકારી યુનિવર્સિટી તરીકે ટીએસયુ એવા કુશળ વ્યાવસાયિકો તૈયાર કરવા માટે પ્રતિબદ્ધ છે જેઓ જ્ઞાન, પ્રામાણિકતા અને સામાજિક જવાબદારી સાથે સહકારી ક્ષેત્રનું નેતૃત્વ કરી શકે.

આગામી સંકુલમાં આધુનિક વર્ગખંડો, અદ્યતન શિક્ષણ જગ્યાઓ, સેમિનાર હોલ અને નવીનતાને પ્રોત્સાહન આપતા સહયોગી ક્ષેત્રો વિકસાવવામાં આવશે. આ સંકુલ સહકારી ઈકોસિસ્ટમ સાથે જોડાયેલા તમામ હિસ્સેદારો માટે સંશોધન અને ક્ષમતા નિર્માણના કેન્દ્ર તરીકે કાર્ય કરશે. આ નવી પહેલથી ટીએસયુ સહકારી વ્યવસ્થાપન શિક્ષણ માટે રાષ્ટ્રીય કક્ષાના શ્રેષ્ઠતાના કેન્દ્ર તરીકે પોતાની સ્થિતિ વધુ મજબૂત બનાવશે.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225